# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-09-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. લાભ પાંચમ બાદ ૧૧મી નવેમ્બરથી મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરવાની રાજ્ય સરકારની જાહેરાત
2. આંગણવાડી કેન્દ્રોના બધા જ કર્મચારીઓને આયુષ્યમાન ભારત યોજના હેઠળ આવરી લેવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય
3. ગ્રામીણ વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા સાંકડા પુલ - માળખાને પહોળા કરવા 245 કરોડ રૂપિયા મંજૂર કરાયા
4. વેરાવળની સસ્તા અનાજની દુકાનમાંથી ગેરકાયદે અનાજના જથ્થાને પુરવઠા વિભાગે જપ્ત કર્યું
5. નર્મદા ડેમ છલોછલ થતાં આવતીકાલે નર્મદાના વધામણાં કરવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ કેવડિયા જશે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## TEKA NA BHAVE KHARIDI – Raghavji Patel

રાજ્ય સરકાર દ્વારા ૧૧મી નવેમ્બરથી ૯૦ દિવસ સુધી મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરાશે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જાહેરાત કરી છે કે લાભ પાંચમ પછી આ ખરીદીની શરૂઆત થશે.

ચાલુ વર્ષે મગફળીના વ્યાપક ઉત્પાદનને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારના સહયોગથી રાજ્ય સરકારે ખેડૂતલક્ષી નિર્ણય કર્યો છે. ખેડૂતો ત્રીજી થી ૩૧ ઑક્ટોબર સુધી ઈ-ગ્રામ કેન્દ્રો પરથી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર ઓનલાઇન નોંધણી કરાવી શકશે.. ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી અંગેની ઉચ્ચસ્તરીય બેઠક ગાંધીનગરમાં કૃષિ મંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બેઠક બાદ કૃષિમંત્રીએ આ અંગે જાહેરાત કરી.

(બાઇટ- રાઘવજી પટેલ, કૃષિમંત્રી)

----------

## JHARKHAND-POSHAN

કેન્દ્ર સરકારે આંગણવાડી કેન્દ્રોના બધા જ કર્મચારીઓને આયુષ્યમાન ભારત યોજના હેઠળ આવરી લેવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ મંત્રી અન્નપુર્ણા દેવીએ આજે રાંચીમાં રાષ્ટ્રવ્યાપી રાષ્ટ્રીય પોષણ માહના સમાપન સમારંભમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, વિકસિત ભારતનું લક્ષ્ય તંદુરસ્ત અને અધિકારસંપન્ન મહિલાઓ અને બાળકો થકી શક્ય છે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવી અને ઝારખંડના રાજયપાલ સંતોષકુમાર ગંગવારે સમગ્ર દેશમાં 11 હજાર સક્ષમ આંગણવાડી કેન્દ્રોનો વિડિયો કોન્ફરન્સીંગ માધ્યમથી આરંભ કરાવ્યો હતો.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, પોષણમાહની ઉજવણી દરમિયાન, ટેકનોલોજી આધારીત શિક્ષણની સાથે સાથે કુપોષણ દૂર કરવા પોષણક્ષમ આહાર આપવાની બાબતને કેન્દ્રમાં રાખવામાં આવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે, કેન્દ્ર સરકારે મહિલા અને બાળવિકાસની વિવિધ યોજનાઓ માટે આ વખતના બજેટમાં 3 લાખ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CM BRIDGE GRANT

રાજ્ય સરકારે સાંકડા પુલને પહોળા કરવા માટે 245 કરોડ રૂપિયા મંજુર કર્યા છે, તેના કારણે વાહનોની અવરજવરમાં પડતી મુશ્કેલી હળવી બનશે અને ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થશે.

રાજ્યમાં 20 જેટલા માર્ગો  પર રોડની સાપેક્ષમાં સાંકડા હોય તેવા 41 હયાત પુલ અને સ્ટ્રક્ચર્સ પહોળા કરવાની કામગીરી માટે આ ફાળવણી કરવામાં આવી છે.

આગામી દિવસોમાં રાજ્યના આવા સાંકડા માર્ગો પહોળા કરવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરાશે.

-------------------

## ANAND - AMUL TURNOVER

અમૂલ બ્રાન્ડનું વર્ષ ૨૦૨૩-૨૪નું ગ્રૂપ ટર્નઓવર ૮૦ હજાર કરોડ થયું છે, જે વર્ષ ૨૦૨૨-૨૩માં ૭૨, ૦૦૦ કરોડ રૂપિયા હતું. અમૂલ ફેડરેશન સાથે સંકળાયેલા ૧૮ સભ્ય સંઘો દ્વારા દૈનિક ત્રણ કરોડ લિટર કરતાં પણ વધુ દૂધનું સંપાદન કરવામાં આવી રહ્યું છે.

અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધની બનાવટોનું માર્કેટિંગ કરતી ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડની ૫૦મી વાર્ષિક સામાન્ય સભા શનિવારે યોજાઇ હતી. અમૂલ-ફેડરેશનના સુવર્ણ જયંતિ વર્ષ વર્ષ ૨૦૨૩-૨૪નું ટર્નઓવર ૮ ટકાની વૃદ્ધિ સાથે ૫૯ હજાર ૫૪૫ કરોડ નોંધાયું છે.

અમૂલ ફેડરેશન ૧૮ હજાર ગામના ૩૬ લાખ ડેરી ખેડૂતોની માલિકીની વિશ્વની સૌથી મોટી ડેરી સહકારી સંસ્થા છે.

-------------------

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## Devmani Sir Retirement

કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયની ભારતીય માહિતી સેવાની વર્ષ 1997ની બેચના વરિષ્ઠ અધિકારી અને આકાશવાણી, અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગના વડા તેમજ નાયબ નિયામક ભરત દેવમણિ આજે સેવા નિવૃત્ત થઈ રહ્યા છે. શ્રી દેવમણિએ ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના વિવિધ વિભાગો જેવા કે, પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો-PIB, DAVP, DFP, યોજના, CBC, દૂરદર્શન વગેરેમાં વિવિધ હોદ્દાઓ પર ફરજ બજાવી હતી. આકાશવાણી સમાચાર વિભાગ તેમને સ્વસ્થ નિવૃત્ત જીવનની શુભકામના પાઠવે છે.

. . . . . . . . . . . . .

## BOTAD- DIMOLATION

બોટાદના રાણપુર શહેરમાં જાહેર માર્ગો પરની સરકારી જમીન પરનાં દબાણો દૂર કરાયાં છે.

બોટાદથી અમારા પ્રતિનિધિ પ્રકાશ ભીમાણી જણાવે છે કે, રાણપુર પોલીસ સ્ટેશનથી તાલુકા પંચાયત સુધીના મુખ્ય માર્ગ પરનાં નાનાં મોટાં કુલ 90 જેટલાં દબાણો દૂર કરાયાં છે.

બરવાળાના પ્રાંત અધિકારી એસ વી ચૌધરીએ આ અંગે વધુ માહિતી આપતાં આ મુજબ જણાવ્યું......

(બાઇટ - એસ.વી.ચૌધરી. પ્રાંત અધિકારી)

ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે 3 જેસીબી, 3 ટ્રેક્ટર, 1 ક્રેન સહિતના સાધનોની મદદથી દબાણ હટાવવાની કામગીરી કરાઈ હતી.

---------------

## GIR SOMNATH ANAJ JAPT

ગીર સોમનાથ જીલ્લાના વેરાવળમાંથી ગેરકાયદે અનાજનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

વેરાવળના જિલ્લા પૂરવઠા અધિકારી,ગીર સોમનાથ તથા મામલતદાર, વેરાવળ શહેરની ટીમ દ્વારા ખારવાવાડ વિસ્તારમાં આવેલી સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાન પર આકસ્મિક તપાસણી હાથ ધરવામાં આવી હતી.. આ દુકાન પર મોટા પ્રમાણમાં અનાજના જથ્થામાં વધારો હોવાની ગેરરીતિઓ ધ્યાને આવતા એક લાખ 44 હજાર કરતા વધુ અનાજનો જથ્થો જપ્ત કરાયો હતો.. જેમાં ઘઉં, બાજરી, ચોખા તેલ વિગેરેનો જથ્થો જપ્ત કરીને વધુ કાર્યવાહી હાથ ધરાઇ છે.

-----------------------------------

## NARMADA NIR NA VADHAMNA - CM

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ  નર્મદા ડેમ સંપૂર્ણ ભારતા વધામણાં કરવા આવતી કાલે કેવડીયા જશે.

નર્મદા ડેમની જળ સપાટી 138.61 મીટરે પહોંચી છે., મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે નર્મદાના વધામણાં કરવા કેવડીયા જશે .

મુખ્યમંત્રી સાથે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ આ કાર્યક્રમમાં જોડાશે. બાદમાં નર્મદા ડેમના 10 થી વધુ દરવાજા ખોલવામાં આવશે, અને નર્મદા નદી બે કાંઠે થશે. જેને લઈ ભરૂચ નર્મદા અને વડોદરાના 42 જેટલા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

----------------------------------

## SWACHHTA HI SEVA – DISTRICT -1

રાજ્યભરમાં રાષ્ટ્રીય પોષણ માસ અને સ્વચ્છતા હી સેવાની ઉજવણી ચાલી રહી છે.

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના જનશાળી ગામે તેમજ વઢવાણ તાલુકાના દેદાદરા ગામે “સખી ટોક શો" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કચરામાંથી વર્મી કમ્પોસ્ટ બનાવવાની રીત, વર્મી કમ્પોસ્ટનું મહત્ત્વ, સ્વચ્છતામાં મહિલાઓનો ફાળો,પશુશેડની સફાઈ સહિતના વિષયો પર સખીમંડળની બહેનો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું..

બનાસકાંઠા જિલ્લાના અંબાજી એસ.ટી.ડેપો ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત તમામ કર્મચારીઓ માટે મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો. જેમાં એસ.ટી વિભાગના ડ્રાઈવર-કંડકટર સહિતના તમામ કર્મચારીનું હેલ્થ ચેકઅપ કરાયું.

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અને ફોરવર્ડ લિંકેજ વિષય પર જિલ્લા કક્ષાના "સ્વચ્છતા સંવાદ" કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

" સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ " અંતર્ગત કચ્છ જિલ્લામાં લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવે તે અર્થે વિવિધ પ્રવૃત્તિ અંતર્ગત રાપર નગરપાલિકા દ્વારા કચરાના વ્યવસ્થાપન અંગે નાગરિકોને સમજ આપવામાં આવી હતી.

પોરબંદર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા સંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. પોરબંદર, રાણાવાવ અને કુતિયાણા તાલુકા મથકે તેમજ ગ્રામ પંચાયત ખાતે ઓનલાઈન સ્વચ્છતા ટોક કાર્યક્રમમાં લોકો સહભાગી થયા હતા.

.................

## AMDAVAD ROJGAR MELO

અમદાવાદની મદદનીશ નિયામક રોજગારની કચેરી દ્વારા આવતીકાલે સવારે 11 વાગ્યે કુબેરનગર ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન – I.T.I. ખાતે ભરતી મેળાનું આયોજન કરાયું છે. કચેરીની અખબારી યાદીમાં જણાવાયું છે કે, આ મેળામાં 20 જેટલી કંપનીઓ યુવાનોની પસંદગી કરશે.

વિવિધ કંપનીઓ, એપ્રેન્ટિસશીપ, સેલ્સ એન્ડ સર્વિસ એન્જિનિયર, સેલ્સ એક્ઝિક્યૂટીવ, એકાઉન્ટન્ટ, એડમિન સહિતની જેવી વિવિધ જગ્યાઓ માટે ધોરણ 10, 12 પાસ, સ્નાતક, I.T.I., ડિપ્લોમા ડિગ્રી જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેશે. ઈચ્છુક ઉમેદવારોએ આધારકાર્ડ, બાયોડેટાની ત્રણથી વધુ નકલ સાથે કચેરીએ હાજર રહેવું પડશે.

------------------------

# GNR STETIC VEHICAL

યુવાનો નવીન ટેકનોલોજીની પ્રાયોગિક તાલીમ મેળવી શકે તે માટે કૌશલ્ય – ધ સ્કિલ યુનિવર્સીટીને એમ.જી મોટર્સ-હાલોલ દ્વારા બે સ્ટેટિક વાહનો અપાયા છે.. ગાંધીનગરમાં કૌશલ્ય વિકાસ મંત્રી બળવંતસિંહ રાજપૂતને એમ.જી. મોટર્સના પ્રતિનિધિઓએ  આ વાહનોની ચાવી અર્પણ કરી હતી..આ બંને વાહનોની કિંમત ૪૫ લાખ જેટલી છે.. આ વાહન અમદાવાદની ITI - કુબેરનગર અને ITI – લુણાવાડાને અપાશે..

આ વાહનોની મદદથી મિકેનિક-ઇલેક્ટ્રિક વ્હીકલ અભ્યાસક્રમ, મિકેનિક મોટર વ્હીકલ અભ્યાસક્રમ તેમજ ઓટોમોબાઇલ સેક્ટરના અન્ય અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને નવીન ટેકનોલોજીની પ્રાયોગીક તાલીમ આપી શકાશે.

. . . . . . . . . . . . .